NAVBHARAT
TOURISM PVT. LTD.

SIS 2025-1

# દક્ષિણ ભારત

૭ રાત્રી

**૧ બેંગ્લોર - ૨ કુર્ગ - ૨ ઊટી - ૨ મૈસૂર**




## બેંગ્લોર પહોંચવાની તારીખ

| | |
|---|---|
| **એપ્રિલ** | **: ૨૫** |
| **મે** | **: ૨, ૯, ૧૬, ૨૩, ૩૦** |
| **જૂન** | **: ૬, ૧૩** |

## પ્રતિ વ્યક્તિ ટુર પેકેજ (ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.)

| દર પ્રતિ વ્યક્તિ ૨ વ્યક્તિ વચ્ચે | દર પ્રતિ વ્યક્તિ ૩ વ્યક્તિ વચ્ચે | બાળક (સીટ સાથે) (પથારી વગર/૬-૧૦ વર્ષ) | બાળક (સીટ સાથે) (પથારી વગર/૩-૫ વર્ષ) |
|---|---|---|---|
| રૂા. ૩૧૫૦૦/- | રૂા. ૨૯૫૦૦/- | રૂા. ૨૧૦૦૦/- | રૂા. ૧૪૦૦૦/- |

**૩ વર્ષ સુધીનું બાળક ફ્રી**

**બુકીંગ ફોર્મમાં ૩ થી ૧૦ વર્ષ સુધીના બાળકની વિગત આપવી તથા બુકીંગ સમયે તે બાળકનું ફોટો આઈ-ડી અને જન્મનું પ્રમાણપત્ર ઓફિસમાં આપવું ફરજીયાત છે. અન્યથા ઓફિસમાં જાણ કર્યા વગરના બાળકની રકમ ટુર મેનેજરને ટુર ઉપડતા પહેલા ચૂકવવાની રહેશે.**

### દિવસ ૧ : બેંગ્લોર આગમન

બેંગ્લોર આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ બેંગ્લોર**

| બ્રેકફાસ્ટ : નથી | લંચ : બેંગ્લોર | ડીનર : બેંગ્લોર |
|---|---|---|

### દિવસ ૨ : બેંગ્લોરથી કુર્ગ (૨૬૦ કિ.મી. ૭ કલાક)

સવારે બેંગ્લોરથી એસી વાહન દ્વારા કુર્ગ જવા માટે પ્રસ્થાન. રસ્તામાં કાવેરી નદીના કિનારે સ્થિત શ્રીરંગપટના નગરની મુલાકાત. આ નગર તેના સૌથી લોકપ્રિય યાત્રાધામ અને સ્થાપત્યના અજાયબી શ્રીરંગનાથસ્વામી મંદિર માટે પ્રખ્યાત છે. મંદિરની મુલાકાત બાદ કુર્ગ તરફ આગળ વધીશું. કુર્ગ આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ કુર્ગ**

| બ્રેકફાસ્ટ : બેંગ્લોર | લંચ : કુર્ગ | ડીનર : કુર્ગ |
|---|---|---|

### દિવસ ૩ : કુર્ગ

સવારે નાસ્તાબાદ કુર્ગના સ્થાનિક સ્થળોની મુલાકાત લઈશું. જેમાં કાવેરી નદી કિનારે સ્થિત ડુબેરે રીઝર્વ ફોરેસ્ટ, બ્રહ્મગીરીની ટેકરીઓ, એબી વોટર ફોલ્સ, કોફી પ્લાન્ટેશન અને રાજા સીટ્સ નિહાળીશું. સાંજે અહીંના સ્થાનિક બજારમાં ખરીદીની મજા માણો. **રાત્રી રોકાણ કુર્ગ**

| બ્રેકફાસ્ટ : કુર્ગ | લંચ : કુર્ગ | ડીનર : કુર્ગ |
|---|---|---|

### દિવસ ૪ : કુર્ગથી ઊટી (૨૪૫ કિ.મી. ૮ કલાક)

સવારે નાસ્તા બાદ કુર્ગથી ઊટી જવા માટે પ્રસ્થાન. ઊટી આગમન અને હોટલમાં ચેક-ઈન. **રાત્રી રોકાણ ઊટી**

| બ્રેકફાસ્ટ : કુર્ગ | લંચ : રસ્તામાં | ડીનર : ઊટી |
|---|---|---|

### દિવસ ૫ : ઊટી

સવારે નાસ્તા બાદ કુન્નુરની મુલાકાત માટે પ્રસ્થાન. કુન્નુર આગમન અને અહીં સિમ્સ પાર્ક, ડોલફીન નોઝ, કેટ્ટીવેલી ખીણની મુલાકાત લઈશું. ત્યાર બાદ અહીં આવેલ ચાની ફેક્ટરી, રોઝ ગાર્ડન અને બોટીનીકલ ગાર્ડનની મુલાકાત. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ ઊટી**

| બ્રેકફાસ્ટ : ઊટી | લંચ : ઊટી | ડીનર : ઊટી |
|---|---|---|

### દિવસ ૬ : ઊટીથી મૈસૂર (૧૨૫ કિ.મી. - ૩ કલાક)

સવારે ઊટીથી મૈસૂર જવા માટે પ્રસ્થાન. મુસાફરી દરમ્યાન મૂદુમલાઈના જંગલમાંથી પસાર થઈ મૈસૂર આગમન અને હોટલમાં ચેક-ઈન. ત્યાર બાદ અહીં આવેલ મૈસૂર પેલેસ, જગનમોહન આર્ટ ગેલરી અને વૃંદાવન ગાર્ડનની મુલાકાત. જ્યાં રંગબેરંગી ફુલોથી શોભિત બગીચા અને લાઈટીંગ અને મ્યુઝીકલ ફાઉન્ટેન શો નિહાળી હોટલ પરત. **રાત્રી રોકાણ મૈસૂર**

| બ્રેકફાસ્ટ : ઊટી | લંચ : મૈસૂર | ડીનર : મૈસૂર |
|---|---|---|

### દિવસ ૭ : મૈસૂર

સવારે નાસ્તા બાદ નંદી, ચંડી દેવી મંદિર, મૈસૂર રેતી શિલ્પ મ્યુઝીયમ અને કે આર એસ ડેમની મુલાકાત. ત્યાર બાદ હોટલ પરત. સાંજે સ્થાનિક બજારમાં ખરીદીનો આનંદ માણો. **રાત્રી રોકાણ મૈસૂર**

| બ્રેકફાસ્ટ : મૈસૂર | લંચ : મૈસૂર | ડીનર : મૈસૂર |
|---|---|---|

### દિવસ ૮ : મૈસૂરથી બેંગ્લોર (૧૫૦ કિ.મી. - ૩ કલાક)

સવારે નાસ્તા બાદ મૈસૂરથી બેંગ્લોર જવા માટે પ્રસ્થાન. નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત યાદગાર પ્રવાસના અનુભવ સાથે બેંગ્લોર રેલ્વે સ્ટેશન ડ્રોપ કરવામાં આવશે.

| બ્રેકફાસ્ટ : મૈસૂર | લંચ : નથી | ડીનર : નથી |
|---|---|---|



info@navbharattourism.com
www.navbharattourism.com
1, Space Complex, 22, New Jagnath, Dr. Yagnik Road, Rajkot, Gujarat - 360 - 001
98258 04076 / 99258 04076 / 74050 90090

# સાઉથ પ્રવાસ અંગેની અગત્યની સૂચના

- **દરેક જગ્યાએ રૂમની સાઈઝ ૧૦"x૧૧" ફૂટની હોય છે.**
- બેંગ્લોર એરપોર્ટ પર ગ્રુપ પીક અપ હોવાથી એરપોર્ટ પર પહેલા આવનાર પ્રવાસીએ બીજા આવનાર પ્રવાસીની ફરજીયાત રાહ જોવાની રહેશે. જેના માટે પાછળથી તકરાર કરવી નહીં.
- ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં બેડ વગર ફક્ત એકસ્ટ્રા મેટ્રસની વ્યવસ્થા રહેશે.
- પ્રવાસમાં એ.સી. વાહનની વ્યવસ્થા રહેશે.
- કુર્ગ અને ઊટીમાં નોન એ.સી. રૂમની વ્યવસ્થા રહેશે, જ્યારે બેંગ્લોરુ અને મૈસૂરમાં એ.સી. રૂમની વ્યવસ્થા રહેશે. જે પ્રવાસીને કુર્ગ કે ઊટીમાં એ.સી. રૂમની જરૂર હોય તેમણે હોટલના રીસેપ્શન કાઉન્ટર પર જઈને એ.સી. રૂમના તફાવત રકમ આપીને એ.સી. રૂમ મેળવવાનો રહેશે. (હોટલમાં રૂમ ઉપલબ્ધ હશે તો જ મળશે. તેના માટે કોઈપણ જાતની તકરાર કરવી નહીં.)
- દરેક જગ્યાએ સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને સાંજના હળવા ભોજનની વ્યવસ્થા નવભારત ટુરીઝમના કીચનમાંથી રહેશે.
- પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલી કોઈપણ સંસ્થા પોતાના પ્રવાસીને હંમેશા સારૂં આપવાનો જ પ્રયત્ન કરતી હોય છે. છતાં સંજોગોવસાત દર્શાવેલ હોટલમાં બુકીંગ ન મળે તો તે પ્રકારની અન્ય હોટલમાં બુકીંગ કરાવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી અને તે અંગે કોઈ તકરાર કરવી નહીં.
- હોટલમાં દરેક રૂમો સરખા હોતા નથી, જેથી દરેક પ્રવાસીએ પોતાને આપેલ રૂમની સરખામણી બીજા કોઈના રૂમ સાથે કરવાની રહેશે નહીં. અને તે અંગે મેનેજર કે મેનેજમેન્ટ સાથે કોઈપણ પ્રકારની તકરાર કરવી નહીં.
- કોઈપણ સ્થળ જોવાની પ્રવેશ ફી, ઘોડે સવારી, બોટિંગ, ફોટોગ્રાફી, તથા સ્વપસંદગીથી કરેલા કોઈપણ ખર્ચા પ્રવાસીએ પોતે ભોગવવાના રહેશે.
- પ્રવાસમાં જરૂરી સંખ્યા (૩૦ વ્યક્તિ) ન થાય તો તેવા પ્રવાસમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ અને મેનેજરની વ્યવસ્થા રહેશે નહીં. આવા પ્રવાસની જાણ પ્રવાસ ઉપડવાના ૧૦ દિવસ પહેલા પ્રવાસીને કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. જેથી પાછળથી કોઈ તકરાર કરવી નહીં.
- આ સંજોગોમાં પ્રવાસ રદ કરાવનાર પ્રવાસીએ એર ટિકીટ અથવા રેલ્વે ટિકીટનું કેન્સલેશન પોતે ભોગવવાનું રહેશે. કંપની જવાબદાર નથી.
- બેંગાલુરૂમાં વધારાની એક રાત્રી રોકાણ માટે હોટલ બુક કરાવનાર પ્રવાસીએ પેકેજની રકમ ઉપરાંત કપલદીઠ રૂા. ૪૦૦૦/- અને વધારાની ત્રીજી વ્યક્તિના રૂા. ૧૭૦૦/- અલગથી આપવાના રહેશે.
- દક્ષિણભારતમાં પ્લાસ્ટીક ઉપર કડક પ્રતિબંધ હોવાથી પ્રવાસ દરમ્યાન પાણીના બોટલની વ્યવસ્થા કંપની તરફથી રહેશે નહીં. જેથી દરેક પ્રવાસીએ પોતાની પાસે પેટ વોટર બોટલ રાખવાની રહેશે.
- હોટલના ચેક-ઈન અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમની વ્યવસ્થા રહેશે. સમયથી વહેલા પહોંચનાર અને ચેક-આઉટ સમય પ્રમાણે રૂમ ચેક-આઉટ કરી પ્રવાસીએ હોટલના વેઈટીંગ એરીયામાં બેસવાનું રહેશે.

| હોટલના નામ | | |
|---|---|---|
| BANGALORE | Hotel Bangalore Gates or Similar | 1N |
| COORG | Hotel Woodstock or Similar | 2N |
| OOTY | Hotel Nahar Nilgiri's or Similar | 2N |
| MYSORE | Hotel President or Similar | 2N |



info@navbharattourism.com
www.navbharattourism.com
1, Space Complex, 22, New Jagnath, Dr. Yagnik Road, Rajkot, Gujarat - 360 - 001
98258 04076 / 99258 04076 / 74050 90090